# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## NOMINATION PAPERS FILLED

આગામી સાતમી મે ના રોજ રાજ્ય લોકસભાની યોજાનારી સામાન્ય ચૂંટણીઓ માટે આજે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના કેટલાક ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે.

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર ચંદુભાઇ શિહોરાએ  પૂર્વ કેન્દ્રીય મંત્રી મહેન્દ્ર મુંજપરા સહિત અગ્રણીઓ સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ઋત્વિક મકવાણાએ પણ પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ઉપસ્થિત રહ્યાં હતા.

ભરૂચ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખ વસાવાએ રાજપીપળામાં આવેલા હરસિદ્ધિ મંદિરે દર્શન કરી  ઉમેદવારીપત્ર ભર્યું હતું.

બારડોલી લોકસભા કોંગ્રેસના ઉમેદવાર સિદ્ધાર્થ ચૌધરી, કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ભાજપના ઉમેદવાર લાલુભાઇ પટેલ, ભાજપના ઉમેદવાર ડો.મનસુખ માંડવિયાએ પોરબંદર લોકસભા બેઠક પરથી,  જામનગર લોકસભાની બેઠક પરથી કોંગ્રેસના જે.પી.મોરવિયા અને પંચમહાલ લોકસભા બેઠક પરથી ભાજપના રાજપાલસિંહ જાદવે ફોર્મ ભર્યું છે.

----------------

# ELECTION AWARENESS

રાજ્યભરમાં લોકસભા સામાન્ય ચુંટણીને લઈને મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજાઇ રહ્યા છે ત્યારે બોટાદના રાણપુર ખાતે મહિલા પોલીસ ‘શી ટીમ" દ્વારા  સ્પીનટેક્ષ કંપનીમાં કામ કરતી મહિલાઓને મતદાનના શપથ લેવડાવ્યા. આ ઉપરાંત શી-ટીમે, સાયબર ક્રાઇમ, ટ્રાફીક અવેરનેસ, વિવિધ હેલ્પલાઇન જેવી કે 181, 100, 1098, 112, 1930 વિશે માહિતી આપી હતી.

તો પાટણ જિલ્લાના ગામોમાં આંગણવાડીની બહેનો દ્વારા મતદાન જાગૃતિ માટે નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, તેમજ  શિક્ષકો દ્વારા બાઇક રેલી  અને બેનર તથા પોસ્ટર લગાવી મતદાન જાગૃતિ માટેના પ્રયાસ કરાઇ રહ્યા છે.

.................

## JAMNAGAR - SATVARA SAMAJ

જામનગરમાં સતવારા સમાજના 15 ગામના અગ્રણી સહિત 200 થી વધુ લોકો ભાજપમાં જોડાયા. આ તકે સાંસદ પુનમબેન માડમ સહિતના અધિકારીઓએ તેઓને ભાજપનો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

.................

## GUJ _WEATHER -15TH APRIL

ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ગરમીથી રાહત મળી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઉત્તર ગુજરાત સહિત પશ્ચિમી ભાગોમાં રવિવારે ગાજવીજ સાથે  વરસાદ વરસ્યો હતો. જોકે સૌરાષ્ટ્રમાં કેરી સહિતના પાકો પર જોખમ ઉભું થતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. હવામાન વિભાગના વેધર બુલેટિન પ્રમાણે, 16 એપ્રિલના રોજ બનાસકાંઠા, પાટણ ઉપરાંત દ્વારકા, જામનગર, મોરબી અને કચ્છ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. એ સિવાયના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહેશે. આ ઉપરાંત અમદાવાદ તેમજ આસપાસના વિસ્તારોમાં વાદળછાયું વાતવરણ રહેશે. 16 એપ્રિલ બાદથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમી વધવાની શરૂઆત થશે.

રવિવારે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંના મોટા ભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. પાટણના સંતલપુરમાં 2 ઇંચ, મહેસાણાના કડીમાં 1 ઇંચ, કચ્છમાં અંજારમાં 6 ઇંચ, કંડ઼ાલામાં 4 જ્યારે કે ગાંધીગારમાં 3 ઇંચ, તેમજ ભાવનગરના મહુઆમાં 2 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

--------------------

# *એક અગત્યની જાહેરાત*

આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને  રાષ્ટ્રીય પક્ષોના પ્રસારણના કારણે આવતીકાલે અને 23મી એપ્રિલે બપોરના અઢી વાગ્યાના પ્રાદેશિક

સમાચાર  અને બપોરના  બે વાગીને 35 મિનિટના જિલ્લા સમાચાર પત્ર પ્રાયમરી ચેનલના બદલે વિવિધભારતી અમદાવાદ પરથી પ્રસારિત થશે. જેની શ્રોતામિત્રો નોંધ લેશો.

--------------------

## SHAKTI UTSAV- AMBAJI

સંગીત નાટક અકાદમી નવી દિલ્હી દ્વારા અંબાજી મંદિર ખાતે બે દિવસીય શક્તિ ઉત્સવ ખુલ્લુ મુકવામાં આવ્યું. રાજ્યના અલગ અલગ મંદિરોમાં ચૈત્રી નવરાત્રીને લઈ ઉજવણી થઈ રહી છે. ત્યારે અંબાજીમાં યોજાયેલ કાર્યક્રમના પ્રથમ દિવસે હિન્દુસ્તાની નૃત્ય, ઓડિશા નૃત્ય, ભવાઇ સહિતના અલગ અલગ કાર્યક્રમો યોજાયા. આ પ્રસંગે પ્રસિધ્ધ લેખક જોરાવર સિંહ જાદવે લખેલી 101 મી પુસ્તકનુ વિમોચન પણ કરવામાં આવ્યું.

..................................

## PAVAGADH - SHAKTIPITH

ચૈત્રી નવરાત્રીના છઠ્ઠા દિવસે પાવાગઢ શક્તિપીઠ યાત્રાધામ ખાતે  બે લાખ થી વધુ ભક્તો માતાજીના દર્શન માટે ઉમટી પડયા હતા. વહેલી સવારે 4 વાગ્યે મંદિરના દ્વાર ખૂલતાની સાથે જ મંદિર પરિસર માતાજીના જયઘોષ થી ગુંજી ઉઠ્યું હતું.

અમારા ગોધરા જીલાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, પાવાગઢને જોડતા માર્ગો પર પગપાળા યાત્રિકોનો પ્રવાહ વધ્યો હતો. ઉલેખનીય છે, પ્રથમ પાંચ દિવસ અસહ્ય ગરમી અને વિદ્યાર્થીઓની પરીક્ષાને પગલે યાત્રિકોની હાજરી પ્રમાણમા ઓછી રહી હતી.

..................................

## Mahesana- summer crops

મહેસાણા જિલ્લામાં ઉનાળુ પાકનું વાવેતર 42 હજાર 697 હેકટર જમીનમાં વાવેતર થવાનો અંદાજ હતો.

જ્યારે અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે અત્યારે 44 હજાર 563 હેકટર જમીનમાં વાવેતર થયું છે. જિલ્લામાં સૌથી વધુ વાવેતર બહુચરાજી તાલુકામાં 1 હજાર 500 હેકટર જ્યારે સૌથી ઓછું વાવેતર વિજાપુર તાલુકામાં 88 ટકા વાવેતર થયું છે. બાજરીનું 11 હજાર 778, મગફળીનું 1 હજાર 289, તલનું 379, ડાંગરનું 157 હેકટરમાં વાવેતર થયું છે.

----------------